ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના સને ૨૦૨૫-૨૬ના વર્ષના અંદાજપત્રમાં સફાઈ કામદાર અને તેમના આશ્રિતો માટે બેંકમાંથી લીધેલ લોન પર વ્યાજ સબસીડી આપવાની યોજના હેઠળ પ્રથમ અને બીજા ત્રિમાસિક ગાળાની રૂ.૧૦૧.૮૦ લાખની રકમ નિગમને ફાળવવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક : **SJED/GSK/e-file/17/2025/1232/G**
સચિવાલય, ગાંધીનગર
તા.૨૧/૦૮/૨૦૨૫

વંચાણમાં લીધા :

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૫/૦૫/૨૦૨૫ નો ઠરાવ ક્રમાંક: **SJED/NIR/e-file/17/2024/2416/J**
(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૯/૦૬/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: **DSCWG/WRA/e-file/224/2025/0886/M**

આમુખ:

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૦૫/૦૫/૨૦૨૫ના ઠરાવથી ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ હેઠળ સફાઈ કામદાર અને તેમના આશ્રિતોને બેંક મારફતે ધંધા/રોજગાર માટે ખરીદેલ વાહન, સ્વરોજગારી યોજના, ભારત અથવા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લીધેલ લોનના વ્યાજમાં સબસીડી આપવાની રૂ.૨૦૩.૬ લાખની વર્ષ ૨૦૨૫-૨૬ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના તા.૦૯/૦૬/૨૦૨૫ ના પત્રથી આ રકમ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને ફાળવવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઠરાવ :

કાળજીપૂર્વકની વિચારણાના અંતે, નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણની ઉક્ત દરખાસ્ત અન્વયે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ બે ત્રિમાસિક ગાળાની, કુલ રૂ.૨૦૩.૬ લાખના ૫૦ ટકા લેખે, રૂ.૧૦૧.૮૦ લાખની રકમ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને ફાળવવા નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

(૧) વર્ષ ૨૦૨૫-૦૬ની બજેટ જોગવાઈને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે, તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) વર્ષના અંતે, જો કોઇ બચત રહે તો, તે પરત કરવાની રહેશે.

(૫) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના વર્ષ ૨૦૧૯-૨૦ તથા ત્યારબાદના હિસાબો પડતર હોઈ નાણાકીય અનિયમિતતા નિવારવા આ અંગેની કામગીરી સત્વરે પૂર્ણ કરાવવાની રહેશે.

(૬) પ્રુફ સિસ્ટમ અંગેની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ બજેટ સદર: ૯૫ ૨૨૨૫ ૦૧ ૧૯૦ ૦૪ હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૧/૦૮/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના :

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ